શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત

# સમાધિતંત્ર અધ્યયન વર્ષ

સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ

## પ્રશ્નપત્ર ક્રમાંક-૯ (કુલ માર્ક્સ-૫૦)

અભ્યાસ ક્રમ – **સમાધિતંત્ર : ગાથા ૯૬ થી ૧૦૫**

---

પરીક્ષાર્થીનું નામ : ................................................................ ઉંમર : ......................

મંડળનું નામ : ................................................. ગામનું નામ : ......................

ફોન નં.: .................................................... તા. ૨૦-૦૧-૨૦૨૩

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
(૨) પ્રશ્નોના ઉત્તર સમાધિતંત્ર શાસ્ત્ર પર આધારિત આપવાના રહેશે.

---

**પ્રશ્ન - ૧ નીચેની જગ્યા યોગ્ય વિકલ્પમાંથી પૂર્ણ કરો.** **માર્ક-૧૦**

૧. જેમ વાંસનું વૃક્ષ વાંસ સાથે ઘર્ષણથી સ્વયં અગ્નિરૂપ થઈ જાય છે, તેમ આત્મા પણ પોતાના ચિદાનંદમય ચિત્સ્વરૂપની ઉપાસના કરીને સ્વયં ................ રૂપ થઈ જાય છે. (અંતરાત્મા, પરમાત્મા, બહિરાત્મા)

૨. દિવ્યધ્વનિ આદિ નિમિત્તો હોવા છતાં નિમિત્તોથી નિરપેક્ષપણે પોતાના ........... થી પરમપદની પ્રાપ્તિ થાય છે. (ભવિતવ્ય, ભાવના, પુરુષાર્થ)

૩. સાધકને નિર્વિકલ્પદશામાં પોતાના આત્માનો આશ્રય અને સવિકલ્પદશામાં ............ની ઉપાસના હોય છે. (અર્હંતાદિ, આત્મા, ધર્મ)

૪. સંસાર અવસ્થામાં શરીર સાથે આત્માનો પરસ્પર ............ સંબંધ છે. (સંયોગ, તાદાત્મ્ય, નિત્ય તાદાત્મ્ય)

૫. સાધકને પોતાના આત્માની ઉપાસના પૂર્ણ થતાં ભગવાનની ઉપાસનારૂપ ..............નો પણ અભાવ થાય છે. (સંકલ્પ, ઈચ્છા, વિકલ્પ)

**પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના ઉત્તર ''હા'' અથવા ''ના''માં આપો.** **માર્ક-૧૦**

૧. જીવની ઈચ્છા અને શરીરની ક્રિયાને સીધો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. .........

૨. જેમ ઝૂંપડી બળી જતા તેમાં રહેલું આકાશ બળી જતું નથી તેમ શરીરનો નાશ થતા આત્માનો નાશ થતો નથી. ........

૩. સાધકને નિર્વિકલ્પદશામાં પોતાના આત્માનો આશ્રય તથા અરિહંતાદિની ઉપાસના હોય છે. .......

૪. યોગ અને ઉપયોગનો આત્મા કદાચિત કર્તા કહી શકાય પણ પરદ્રવ્ય સ્વરૂપ કર્મનો કર્તા નિમિત્તપણે પણ નથી. ......

૫. એક પર્યાયનો વ્યય, બીજી પર્યાયનો ઉત્પાદ અને તે બંનેમાં દ્રવ્યનું ધ્રૌવ્યરૂપે રહેવું એવી વસ્તુ સ્થિતિ છે. ......

**પ્રશ્ન-3 નીચેના પ્રશ્નના જવાબ ટૂંકમાં આપો.** **માર્ક-૧૦**

૧. જ્યાં સુધી સ્વ-પરનું ભેદજ્ઞાન થાય નહિ ત્યાં સુધી જીવની પ્રવૃત્તિ ક્યા પ્રકારની છે ?

---

---

૨. જ્ઞાનીને પણ વિષયોની પ્રવૃત્તિ હોય છે પરંતુ તેના પ્રત્યેનો રાગ કેવો લાગે છે ?

---

---

૩. કોની ઉપાસના કરવાથી જીવ સ્વયં પરમાત્મા થઈ જાય છે ?

---

૪. સ્વપ્ન અવસ્થામાં દેખવામાં આવેલ શરીરાદિનો નાશ થવા છતાં જેમ આત્માનો નાશ થતો નથી તેમ જાગૃત અવસ્થામાં પણ દેખવામાં આવેલ શરીર આદિનો નાશ થવા છતાં શેનો નાશ થતો નથી તે જણાવો.

૫. સંસારના દુઃખોથી મુક્ત થવાનો અને પરમપદની પ્રાપ્તિનો ઉપાય શું છે ?

**પ્રશ્ન—૪ નીચેના પ્રશ્નોના જવાબ એક જ શબ્દમાં આપો.** **માર્ક-૧૦**

૧. મુનિએ પોતાની શક્તિ અનુસાર કાયક્લેશાદિરૂપ દુઃખોથી શરીરાદિથી ભિન્ન શેની ભાવના ભાવવી ? ...............

૨. ક્યો એકાંત મત આત્માને સર્વ અવસ્થામાં શુદ્ધસ્વરૂપ જ માને છે ? ..................

૩. અર્હંતાદિ ભિન્ન સાધ્યની ઉપાસના તે નિશ્ચય ઉપાસના છે કે વ્યવહાર ઉપાસના ? ....................

૪. જ્ઞાનીને ભેદવિજ્ઞાનના બળે જેમ જેમ વીતરાગતા વધતી જાય છે, તેમ તેમ જૂના કર્મ ઉદયમાં આવી શું થાય છે ? ......................

૫. વીતરાગરૂપ નિર્વિકલ્પ દશા પ્રગટ થતાં જીવને વચનાતીત શેનો અનુભવ થાય છે. ..........................

**પ્રશ્ન—૫ નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર આશરે ૧૦-૧૨ લીટીમાં ટૂંકનોંધ લખો.** **માર્ક-૧૦**

૧. સાધક જીવને આત્મ આરાધના સમયે અનેક કષ્ટો સહન કરવાની ટેવ પાડવાનું શા માટે કહ્યું છે તે જણાવો.

૨. વાંસનાં વૃક્ષનાં દૃષ્ટાંત દ્વારા અભિન્ન આત્માની ઉપાસનાનું ફળ શું બતાવ્યું છે? તે જણાવો.

૩. ચાર્વાક મત તથા સાંખ્યમતની વિપરીત માન્યતા વિશે ચર્ચા કરો.

ઉત્તરપત્ર-૯ મોડામાં મોડા તા. ૨૮-૨-૨૦૨૩ સુધી સોનગઢ પહોંચાડવા વિનંતી છે.